પત્રિકા ૧૯૪

# ચિરાગે હિદાયત

૨૦/૦૧/૧૯
૧૩ જ.અવ્વલ

## ઈન્સાનિયતની મેઅરાજ : જનાબે ફાતેમા(સ.અ.)

ઈસ્લામનો પૈગામ ઈન્સાન માટે એક મહાન પૈગામ છે આ પૈગામની તબ્લીગ માટે મર્દોમાં એક લાખ ચોવીસ હજાર અંબીયા(અ.મુ.સ.) આવ્યા અને ઔરતોમાં ફકત જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) ઈસ્મતનો તાજ લઈને આ દુનિયામાં આવ્યા. જનાબે મરિયમ પણ મા'અસુમા છે પરંતુ જનાબે ફાતેમા(સ.અ.)ની અઝમત અને બુલંદી સુધી કોઈ પહોંચી શક્તુ નથી. જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) દરેક ઈન્સાનિયત માટે એક એવો કિરદાર છે કે જેમની મોહબ્બત વગર ઈન્સાનિયત પોતાના કમાલ સુધી નથી પહોંચી શકતી.

જેમકે હઝરત ઈમામ હસન અસ્કરી(અ.સ.) ફરમાવે છે કે "અમે લોકો ઉપર અલ્લાહની હુજ્જત છીએ અને અમારી દાદી ફાતેમા ઝહરા(સ.અ.) અમારી ઉપર હુજ્જત છે." અઝીઝો! વિચારો જો આપ(સ.અ.) ઈમામો(અ.મુ.સ.) ઉપર હુજ્જત છે તો આપ(સ.અ.)ની ફઝીલત કેટલી બુલંદ હશે!?

હદીસે કુદસીમાં એક મશહૂર હદીસ જે હદીસે લવલાકના નામથી મશહૂર છે કે પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)એ ફરમાવ્યું કે ઝમીન અને આસમાનને પયગંબર(સ.અ.વ.)ના માટે ખલ્ક કર્યુ અને હઝરત અલી(અ.સ.)ને પયગંબર(સ.અ.વ.)ના માટે ખલ્ક કર્યા અને

તેઓ બંનેની ખિલ્કતનું કારણ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની ખિલ્કત છે.

**✱ ખુલુસઃ**

ખુલુસનો મતલબ આ છે કે દરેક કામ અલ્લાહની મરજી અને પરવરદિગારની ખુશનુદીની રાહમાં અંજામ આપવામાં આવે. જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)નો ખુલુસ તે બુલંદી ઉપર છે કે એક દિવસ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફાતેમા ઝહરા(સ.અ.)ને ફરમાવ્યું ''અય બેટી! અત્યારે મારી પાસે જિબ્રઈલ મોજૂદ છે અને પરવરદિગારે આલમ તરફથી પયગામ લઈને આવ્યા છે કે તમે જે કાંઈ દુઆ માંગશો તે દુઆ કબૂલ થશે. બોલો તમારે શું જોઈએ છે?'' જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)એ જવાબ આપ્યો કે ''બાબા હઝરતે હક તઆલાની ખિદમતમાં જે લઝઝત મને હાંસિલ થાય છે તે મને દરેક ખ્વાહીશથી રોકી રાખે છે અને મને તેની સિવાય કોઈ હાજત નથી કે હું હંમેશા નૂરે ખુદાને જોતી રહું.''

**✱ ઘરેલું અખ્લાકિયાતઃ**

જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) આ મેદાનમાં પણ એક સંપૂર્ણ નમૂના છે. આપ(સ.અ.) જયારે શોહરના ઘરે જાય છે ત્યારે ઘરેલું ઝિંદગીની એક અજોડ મિસાલ પેશ કરી.

એક દિવસ ઈમામ અલી(અ.સ.)એ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) પાસે કંઈક ખાવાની ઈચ્છા દર્શાવી. જનાબે

ફાતેમા ઝહરા(સ.અ.)એ જવાબ આપ્યો કે "હું તે અલ્લાહની કસમ ખાઉ છું કે જેણે મારા વાલીદને નબી બનાવ્યા અને તમને ઈમામત માટે મુન્તખબ કર્યા. બે દિવસથી ઘરમાં ખાવા માટે કાંઇ પણ નથી." ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું, "અય ફાતેમા! મને કેમ ન કહ્યું?" જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)એ ફરમાવ્યું "અય અબુલ હસન! હું મારા પરવરદિગારથી શર્મ કરૂં છું કે તમારી પાસે કોઈપણ વસ્તુઓની ફરમાઇશ કરીને તમને તકલીફ આપું."

### * ઈમામતનો બચાવ :

જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)એ ઈમામ અને હુજ્જતે ખુદાનો બચાવ, ઈમામત અને ઈમામે અલી(અ.સ.)ની સંપૂર્ણ રીતે પૈરવી કરી.

આપ(સ.અ.)એ ઈમામતના બચાવ માટે પણ મહાન કામ અંજામ આપ્યા છે જેમકે આપ(સ.અ.) મદીનામાં ઘરે ઘરે જઈને લોકોને ગદીરની યાદ અપાવતા હતા.

જયારે દરબારમાં પોતાના ઝમાનાના ઈમામ હઝરત અલી(અ.સ.)ના બારામાં વાત કરી રહ્યા હતા તો સૌથી પહેલાં ઈમામતના મસઅલાને ખૂબજ સરસ રીતે રોશન કર્યો. એહલેબેત(અ.મુ.સ.)ની ઈમામતને મતભેદથી સલામતીનું કારણ બતાવ્યું. ખિલાફતના ગાસીબો સામે પોતાના બહેતરીન કલામમાં ફરમાવ્યું કે ગાસીબોએ કુરઆન અને સુન્નતને છોડી દીધી છે.

આપ(સ.અ.)એ ફિદક બાબતે જુદા જુદા મકામ ઉપર મુકાબલો કર્યો. આપ(સ.અ.)એ પોતાના ગસ્બ થયેલા હકને દલીલ વડે પરત મેળવવાની કોશિશો કરી અને કુરઆને કરીમની જુદી જુદી આયતોથી દલીલો પણ આપી હતી. ફિદક બાબતે જુદા જુદા મકામ ઉપર મુકાબલો કર્યો. આપ(સ.અ.)એ પોતાના ગસ્બ થયેલા હકને દલીલ વડે પરત મેળવવાની કોશિશો કરી અને કુરઆને કરીમની જુદી જુદી આયતોથી દલીલો પણ આપી હતી.

*** આપ(સ.અ.)ની ઈબાદત :**

જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) પોતાના વાલિદ હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.)ની જેમ પોતાની ઝિંદગીના એક મહત્વના હિસ્સાને નમાઝ અને અલ્લાહની સાથે રાઝો-ન્યાઝમાં વિતાવતા હતા. કુરઆનની તિલાવતમાં મશગૂલ રહેતા હતા.

આખી રાત જાગીને ઈબાદતમાં ગુજારવી, દિવસે રોઝા રાખવા, શોહદાની કબ્રોની ઝિયારત કરવી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની ઝિંદગીમાં શામેલ હતું.

એટલા માટે પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)એ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની મોહબ્બત અને મવદ્દતને વાજિબ કરી છે. આયએ મવદ્દતની સિવાય પયગંબર(સ.અ.વ.)થી ઘણી બધી હદીસો નકલ થઈ છે જેમાં પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે ખુદાવંદે આલમ ફાતેમા

ઝહેરા(સ.અ.)ની નારાઝગીથી નારાઝ થાય છે અને તેમની ખુશનુદીથી ખુશ થાય છે.

**∗ અય્યામે ફાતેમીયા:**

૧૪ જમાદીઉલ અવ્વલથી ૩ જમાદીઉસ સાની સુધી પૂરી દુનિયામાં ઘણી તાઅઝીમ અને એહતેમામની સાથે અય્યામે ફાતેમીયા મનાવવામાં આવે છે. જ્યારે કે આજથી અમુક વર્ષો પહેલા અય્યામે ફાતેમીયાને આજની જેમ મનાવવામાં આવતું ન હતું.

આપણે મોહર્રમને એહેતેમામની સાથે મનાવીએ છીએ જેના કારણે યઝીદ(લા.અ.)ને માનનારાઓ પોતાને યઝીદી કહેવડાવવાનું પસંદ નથી કરતા. કેમ કે આપણે મોહર્રમને એટલું ફેલાવી દીધું કે યઝીદીઓના ચહેરા પરથી નકાબ ઉતરી ગયા છે. જે કારણે હવે એવું કોઈ નથી કે યઝીદનો બચાવ કરવાની હિંમત કરે બલ્કે દરેક ઈન્સાન તેની મુખાલેફત કરે છે.

અઝીઝો! અગર આવી જ રીતે અને આ જ એહતેમામની સાથે આપણે સતત અય્યામે ફાતેમીયાને મનાવીશું તો જનાબે ફાતેમા(સ.અ.) અને જનાબે મોહસિન(અ.સ.)ના કાતિલોના ચહેરા પરથી પણ નકાબ ઉતરી જશે. ઈન્શાઅલ્લાહ.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com